# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-08-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : FRIDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

******************************************************

1) સરકારે જણાવ્યું, દેશમાં ખાંડની કોઈ અછત નથી અને વાજબી ભાવે પૂરતા પ્રમાણમાં ખાંડ ઉપલબ્ધ કરાવવા તમામ જરૂરી પગલાં લેવાશે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, તેમના સંસદીય ક્ષેત્રમાં ડાયાબિટીસગ્રસ્ત બાળકોને આજીવન નિઃશુલ્ક ઇન્સ્યુલીન મળે તેવી સંકલિત વ્યવસ્થા સ્થાપિત.

3) રમતવીરોની પ્રતિભા શોધવા સ્પોર્ટ્સ જિનોમિક્સ કાર્યક્રમ શરૂ કરનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય.

4) **રાજ્યમાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનની ભવ્ય ઉજવણી.**

5) રાજ્યભરમાં આગામી ચાર સપ્ટેમ્બર સુધી સામાન્ય વરસાદની આગાહી.

6) **ગાંધીનગરમાં યોજાયેલી સબ-જુનિયર બોય્ઝ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધામાં આજે વલસાડ, રાજકોટ અને સુરતની ટીમનો વિજય.**

-----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GOVT SUGAR

સરકારે જણાવ્યું, દેશમાં ખાંડની કોઈ અછત નથી અને વાજબી ભાવે પૂરતા પ્રમાણમાં ખાંડ ઉપલબ્ધ કરાવવા તમામ જરૂરી પગલાં લેવાશે. ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું, તાજેતરના દિવસોમાં ખાંડની મિલોથી બહાર ખાંડની કિંમતમાં અંદાજે 20 ટકાનો ઘટાડો થયો છે. જ્યારે છૂટક ખાંડના ભાવમાં પણ ઘટાડો થયો છે. સરકાર દેશભરમાં ખાંડની કિંમત અને જથ્થા પર ચાંપતી નજર રાખી રહી છે.

સરકારે ખાંડની સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા વર્તમાન માસિક ફાળવણી પ્રણાલિની જગ્યાએ આવતા મહિનાથી પખવાડિયા ખાંડ ફાળવણી પ્રણાલિ શરૂ કરવાનો નિર્ણય કર્યો. તે અંતર્ગત ખાંડની મિલોને પહેલા અઠવાડિયામાં ઓછામાં ઓછી 40 ટકા ફાળવણી અને બાકીની ખાંડ આગામી અઠવાડિયે વેચવી પડશે.

# RJK SUPPLY DEP RAID

રાજકોટમાં ખાંડની કૃત્રિમ અછત અને સંગ્રહખોરી રોકવા પૂરવઠા વિભાગની 15 ટુકડીએ વેપારીઓને ત્યાં આકસ્મિક તપાસ હાથ ધરી. સરકારના આદેશના કડક અમલીકરણને લઈ વેપારીઓની દુકાન અને વખારમાં ખાંડના ભૌતિક જથ્થાની ચકાસણી કરવામાં આવી.

દરમિયાન સુરેન્દ્રનગરમાં પૂરવઠા વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં જથ્થાબંધ ખાંડના વેપારીઓ અને મોટા વિક્રેતાઓને ત્યાં સઘન તપાસ ઝૂંબેશ હાથ ધરાઈ.

# HM AMIT SHAH RAKSHA BANDHAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરમાં ટાઈપ વન જુવેનાઈલ ડાયાબિટીસ ધરાવતી દીકરીઓ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી. તમામ બાળાઓએ શ્રી શાહને રક્ષાસૂત્ર બાંધ્યું હતું. જ્યારે શ્રી શાહે રક્ષાબંધન તથા તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને ઉજ્જવળ ભવિષ્યની બાળાઓને શુભેચ્છાઓ પાઠવી.

શ્રી શાહે કહ્યું, કેન્દ્ર સરકારની પહેલ હેઠળ ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં આ બાળકીઓ સહિત આવી સમસ્યાથી પીડિત અન્ય બાળકોને આજીવન નિઃશુલ્ક ઇન્સ્યુલીન મળે તે માટે સ્ક્રિનિંગ એટલે કે, પ્રાથમિક તપાસ, નિદાન, ઇન્સ્યુલિન, દેખરેખ, નિરીક્ષણ, ફોલોઅપ એટલે કે, આગળની પ્રક્રિયાની સંકલિત વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવી છે.

# SPORTS GENOMICS PROGRAM

**રાજ્યમાં રમતવીરોની પ્રતિભા શોધવા સ્પોર્ટ્સ જિનોમિક્સ કાર્યક્રમનો પ્રારંભ કરાયો. ગુજરાત બાયોટેક્નોલૉજી સંશોધન કેન્દ્ર – GBRC દ્વારા હાથ ધરાયેલી આ પહેલ હેઠળ ગુજરાત એથ્લીટ જિનોમ ડેટાબેઝ - G-AGD તૈયાર કરાશે. ખેલાડીઓના DNA અને રમતગમતમાં તેમના પ્રદર્શન વચ્ચેના સંબંધના અભ્યાસ એટલે કે, સ્પોર્ટ્સ જિનોમિક્સ કાર્યક્રમ શરૂ કરનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય હોવાનું વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું.**

**(BYTE: ARJUN MODHWADIA, SCIENCE AND TECHNOLOGY MINISTER)**

*(જે એના જીનોમ્સ સિક્વન્સિંગ કરીને એના મસલ્સની જે સ્ટ્રેન્થ છે, તે બાબતે વિગતવાર અભ્યાસ કરવાનું નક્કી કર્યું છે અને એના આધારે એની ટ્રેનિંગ અને એમના જે ખોરાક છે, એ બાબતે વૈજ્ઞાનિક માર્ગદર્શન આપણને મળી રહેશે. દેશમાં આ પ્રકારની પહેલ કરવા માટે હું ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર માનું છું.)*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...............................

DESK

# EVE RAKSHA BANDHAN OVERALL

**રાજ્યભરમાં આજે ભાઈ-બહેનના અતૂટ સ્નેહ અને પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે.**

**અમદાવાદમાં જમાલપુરના જગન્નાથ મંદિરમાં ભગવાન જગન્નાથજીનાં બહેન સુભદ્રાજીએ તેમને અને ભાઈ બળભદ્રજીને રાખડી બાંધી. રક્ષાબંધનની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હોવાનું મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે જણાવ્યું.**

**(BYTE: DILIPDASJI MAHARAJ, MAHANT, JAGANNATH TEMPLE JAMALPUR)**

*(વર્ષોથી પરંપરા પ્રમાણે રક્ષાબંધનનો તહેવાર ને ઉત્સવ ભગવાન જગન્નાથજીની સાંનિધ્યમાં ઉજવવામાં આવતો હોય છે. કારણ કે આ ભગવાન જગન્નાથજીનું એક સ્વરૂપ એવું છે કે પોતાના ભાઈ અને બહેન સાથે વિરાજમાન છે. આજે સુભદ્રાજી પોતાના ભાઈ શ્રી જગન્નાથજી અને મોટા ભાઈ બલરામજીને રક્ષા બાંધતા હોય છે.)*

**અમદાવાદની શી ટીમે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને રાખડી બાંધી.**

**પોરબંદરમાં આર્ય કન્યા ગુરુકુળની 350 દિકરીઓને રક્ષાબંધનના દિવસે યજ્ઞોપવિત અને વેદારંભ સંસ્કાર અપાયાં. ત્યારબાદ દીકરીઓએ જનોઈ ધારણ કરી. આ અંગે આર્ય કન્યા ગુરુકુળનાં આચાર્ય રંજન મજિઠિયાએ વધુ માહિતી આપી.**

**(BYTE: RANJAN MAJITHIYA, PRINCIPAL, ARYA KANYA GURUKUL)**

*(અહીંયા દીકરીઓને રક્ષાબંધનના પવિત્ર દિવસે યજ્ઞોપવીત અને વેદારંભ સંસ્કાર આપવામાં આવે છે, જેમાં જનોઈ ધારણ કરવાનો અધિકાર તો મળે પણ સાથે સાથે વેદ ભણવાનો અધિકાર પણ મળે. આ સંસ્કાર હર રક્ષાબંધનના દિવસે દીકરીઓને આ પ્રાર્થના મંદિરમાં એકદમ પ્યોર આપણી સંસ્કાર વિધિ પ્રમાણે આપવામાં આવે છે.)*

**ભરૂચમાં નગરપાલિકા દ્વારા મહિલાઓ માટે સિટી બસ સેવામાં મુસાફરી નિઃશુલ્ક રાખવામાં આવી હતી. આ અંગે એક મહિલા મુસાફરે પ્રતિક્રિયા આપી.**

**(BYTE: BHARUCH BUS PASSENGER)**

*(રક્ષાબંધનના તહેવાર નિમિત્તે નગરપાલિકાએ જે મહિલાઓ માટે બસ સેવા ફ્રીમાં કરી છે, એ બદલ નગરપાલિકાનો ખૂબ ખૂબ આભાર.)*

**ઉપરાંત ભરૂચની સબજેલમાં રક્ષાબંધનની ઉજવણી દરમિયાન ભાવુક દ્રશ્યો જોવા મળ્યા. આ અંગે જેલ અધિક્ષક એન. પી. રાઠોડે વધુ માહિતી આપી..**

# EVE RAKSHA BANDHAN OVERALL- 2

(BYTE: N. P. RATHOD, JAIL SUPERINTENDENT)

*(આજ રોજ ભાઈ-બેનના પવિત્ર રક્ષાબંધન તહેવાર નિમિત્તે અત્રેની જેલ ખાતે ભાઈ પોતાની બેન સાથે રાખડી બંધાવી શકે, મોઢું મીઠું કરાવી શકે તે માટે અલગ એક સુવિધા ઊભી કરવામાં આવી છે અને આમ તો ગુજરાત જેલ વિભાગનો મુખ્ય ઉદ્દેશ માત્ર બંધીવાનોને સજા આપવાનો નહીં, પરંતુ તેમના માનવીય મૂલ્યો, જવાબદારી, પારિવારિક લાગણી અને સમાજમાં પુનઃસ્થાપિત થવાની ભાવનાને વિકસાવવાનો છે.)*

તો, બનાસકાંઠામાં રક્ષાબંધન અને બળેવ પૂનમ પર્વ ઉજવ્યો. શક્તિપીઠ અંબાજી મંદિરમાં આજે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું. જ્યારે પાલનપુર અને થરાદ સબજેલમાં રક્ષાબંધનની ઉજવણી થઈ. ડાંગમાં મહિલા પોલીસકર્મીઓએ ભાઈઓને રાખડી બાંધી તેમના લાંબા આયુષ્ય, સુખ-સમૃદ્ધિની પ્રાર્થના કરી.

પંચમહાલના ગોધરામાં પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય અને સામાજિક સંસ્થા દ્વારા દિવ્ય રક્ષાબંધન સ્નેહમિલનની ઉજવણી કરવામાં આવી.

જુનાગઢની જિલ્લા જેલમાં બહેનોએ ભાઈઓને રાખડી બાંધી સજા વહેલી પૂરી થાય અને બાકીનું જીવન પરિવાર સાથે વિતાવે તેવી પ્રાર્થના કરી. તો ભૂદેવોએ યજ્ઞોપવિત ધારણ કરવાની વિધિ કરી બળેવની ઉજવણી કરી. માંગરોળ સહિતના દરિયાકાંઠા વિસ્તારોમાં સમુદ્રદેવના પૂજન બાદ માછીમાર ભાઈઓએ વ્યવસાય આજથી શરૂ કર્યો.

વલસાડમાં કોસંબા ખાતે નારિયેળી પૂનમ નિમિત્તે માછીમાર અને ટંડેલ સમુદાયે સમુદ્રદેવની પૂજા-અર્ચના કરી.

તો, મહીસાગરમાં સંતરામપુર તાલુકા સબજેલમાં બહેનોએ ભાઈઓને રાખડી બાંધી. જ્યાં ભાવનગર જિલ્લા જેલમાં 360 જેલ બંદીવાન ભાઈઓને તેમની બહેનોએ તથા 10 બંદીવાન બહેનોએ તેમના ભાઈઓને રાખડી બાંધી.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં રાજ્યકક્ષાના નારિયેળી પૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી. તેમાં હેલિકૉપ્ટર દ્વારા બચાવ અભિયાનનો ડેમો આકર્ષણનું કેન્દ્ર રહ્યો

# GUJARAT MISSING PEOPLE NEPAL

નેપાળ-તિબેટ સરહદ પર વિનાશક પૂર બાદ નેપાળમાં અત્યાર સુધી ગુજરાતના 24 લોકો ગુમ હોવાના અહેવાલ છે. SEOC એટલે કે, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રને વિવિધ જિલ્લામાંથી 24 લોકો ગુમ હોવાની માહિતી મળી છે.

દરમિયાન સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટિલે કહ્યું, આ સમગ્ર મામલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નેપાળની સરકાર સાથે સતત સંપર્કમાં છે.

## (BYTE: C. R PATIL)

*"भारत की ओर से 47.5 टन मदद नेपाल को भेजी गई है और कहा है कि हम आपके साथ हैं। माननीय गृह मंत्री श्री अमितभाई शाह साहब भी इस नेपाल के ऊपर पूरा ध्यान रख रहे हैं। जो भी करना पड़े वो करने के लिए वो पूरी तैयारी के साथ पूरे तंत्र को भी अलर्ट किया गया है।"*

નેપાળમાં સર્જાયેલી સ્થિતિ વચ્ચે સુરતના એક પરિવારના કેટલાક લોકો પણ ત્યાં ફસાયાના અહેવાલ છે આ અંગે તેમના પરિવારજન સુશીલા પટેલે પ્રતિક્રિયા આપી.

## (BYTE: SUSHILA PATEL)

*"बेटा मेरा अमेरिका में रहता है फ्लोरिडा में और कंप्यूटर इंजीनियर है, बहू घर पर है और बेटी मीनाक्षी डॉक्टर है। सरकार से मांगते हैं कि मेरा लड़का, बहू, लड़की ये सब सही सलामत हों और हमको कुछ पता चले और जानकारी मिले, ऐसा सरकार हमारी मदद करे।"*

# STATE WEATHER UPDATE

રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં મેઘરાજાના વિરામ વચ્ચે આજે કેટલીક જગ્યાએ સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. સાંજે છ વાગ્યા સુધીમાં 10 તાલુકામાં વરસાદ નોંધાયો. દરમિયાન રાજ્યમાં આગામી ચાર સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

જોકે, કોઈ પણ જગ્યાએ વરસાદ માટે લાલ, નારંગી કે પીળા રંગની કોઈ ચેતવણી અપાઈ નથી. દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લામાં મહત્તમ તાપમાનમાં સામાન્ય ઉછાળો જોવા મળતા લોકોએ બફારાનો સામનો કરવો પડ્યો.

# GNR FOOTBALL TOURNAMENT

ગાંધીનગરમાં યોજાયેલી સબ-જુનિયર બોય્ઝ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધામાં આજે વલસાડે દેવભૂમિદ્વારકાને, રાજકોટે મોરબીને અને સુરતની ટીમે બોટાદની ટીમને પરાજય આપ્યો. ગુજરાત રાજ્ય ફૂટબૉલ સંગઠન દ્વારા આયોજિત આ સ્પર્ધામાં 21 જિલ્લાની ટીમ ભાગ લઈ રહી છે.

હવે આવતીકાલે ગ્રૃપ ઈ, એફ અને જીની પહેલી મેચ દેવભૂમિદ્વારકા અને છોટાઉદેપુર, બીજી મેચ રાજકોટ અને જામનગર તથા ત્રીજી મેચ બોટાદ અને આણંદ વચ્ચે રમાશે. દરેક ગ્રૃપમાં પહેલી આવનારી ટીમ અને તમામ ગ્રૃપમાંથી એક સેકન્ડ બેસ્ટ ટીમ વચ્ચે ક્વાર્ટર ફાઈનલ અને ત્યારબાદ સેમિ-ફાઈનલ રમાશે. જ્યારે આ સ્પર્ધાની ફાઈનલ મેચ આગામી બીજી સપ્ટેમ્બરે રમાશે.

# GR VAN MAHOTSAV

શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ ગીર સોમનાથના વેરાવળમાં સંસ્કૃત વિશ્વવિદ્યાલય ખાતે વૃક્ષારોપણ કર્યું. 77મા વન મહોત્સવની ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં શ્રી વાજાએ ભાવિ પેઢી માટે વન સંરક્ષણને સૌની સહિયારી જવાબદારી ગણાવી. તેમણે કહ્યું, વૃક્ષારોપણને માત્ર સોશિયલ મીડિયા મંચ સુધી મર્યાદિત ન રાખતા તેને પ્રાથમિક જવાબદારી સમજવી જોઈએ. તેમણે સોશિયલ મીડિયામાં “ગ્રીન ચેલેન્જ” સ્વીકારી જાતે વૃક્ષારોપણ કરી અને પાંચ લોકો વૃક્ષારોપણ કરે તેવી પ્રેરણા આપવા પણ યુવાનોને અનુરોધ કર્યો.